## શબ્દાવલી

**Fred Talk** – વાંચતા પહેલા શબ્દના ધ્વનિ ઉચ્ચારી જોવા (સંમિશ્રણ)

**ધ્વનિ-સંમિશ્રણ** – શબ્દ બનાવવા માટે ધ્વનિને ભેળવવા. દા.ત.
c-a-t *cat*

**ખાસ મિત્રો** – એકથી વધુ અક્ષરોથી લખવામાં આવતા ધ્વનિઓ દા.ત.
**sh**, **ng**, **qu**, **ch**

**Speed Sounds** – એકલ ધ્વનિઓ જે શબ્દો બનાવે છે



તમારા બાળકને વાર્તાઓ ભાવ સાથે વાંચી સંભળાવો! તમે વાર્તા માટે જેટલી વધુ ચાહના દાખવશો તેટલી તમારા બાળકમાં વાંચન પ્રત્યે ચાહના જાગશે.

Booklet 1માં તમે તમારા બાળકને નીચેની બાબતોમાં કેવી રીતે મદદ કરી શકશો તે દર્શાવેલ છે.

- સેટ 1 Speed Sounds વાંચવામાં
- ધ્વનિઓ ભેળવીને શબ્દો બનાવવામાં
- Blending Books વાંચવામા
- Red, Green અને Purple Storybooks વાંચવામાં.

https://www.ruthmiskin.com/en/find-out-more/parents/ વેબસાઈટ પર તમને તમારા બાળકને મદદરૂપ થવામાં મદદ કરે તેવી ઘણી વિડિયો ઉપલ્બધ છે.

*Read Write Inc.*, વિશે વધુ જાણકારી માટે તમારા બાળકની સ્કૂલમાં જ સ્થિત *Read Write Inc.* મેનેજર સાથે વાત કરવા અથવા તો www.readwriteinc.com. વેબસાઈટની મુલાકાત લેવા મહેરબાની કરશો.

OXFORD UNIVERSITY PRESS
web www.oxfordprimary.co.uk
email primary.enquiries@oup.com
tel. +44 (0) 1536 452610
www.oup.com

Read Write Inc. Phonics

# ઘરે વાંચન

## Booklet 1

તમારૂં બાળક *Read Write Inc.*, નામના એક એકદમ પ્રચલિત અને સફળ વાંચન કાર્યક્રમ થકી વાંચવાનું શીખી રહ્યું છે. આ **પ્રથમ પુસ્તિકા** તમે તમારા બાળકને કેવી રીતે ઝડપથી પ્રારંભ કરાવી શકશો તે દર્શાવશે.

તમારૂં બાળક એકદમ સરળ રીતે વાંચવાનું શીખી જશે તે:

1. **અક્ષરોને** તેમના 'ધ્વનિ'થી વાંચવાનું શીખશે.
2. આ ધ્વનિઓ ભેળવીને **શબ્દો** બનાવશે.
3. **વાર્તામાંના** શબ્દો વાંચશે.



OXFORD

# મારું બાળક કેવી રીતે વાંચતા શીખશે?

સૌથી પહેલા, તમારું બાળક નીચે પ્રમાણે વાંચતા શીખશે:

- Set 1 Speed Sounds: એકાક્ષરમાં લખાતા ધ્વનિઓ:
  **m a s d t i n p g o c k u b f e l h r j v y w z x** અને બે અક્ષરોમાં લખાતા આ ધ્વનિઓ (તમારું બાળક તેમને 'ખાસ મિત્રો' કહેશે): **sh th ch qu ng nk ck**
- આ શબ્દોમાં રહેલ ધ્વનિઓ ભેળવીને પૂરો શબ્દ વાંચવાનું
  e.g. m–a–t *mat*, c–a–t *cat*, g–o–t *got*, f–i–sh *fish*, s–p–o–t *spot*, b–e–s–t*best*, s–p–l–a–sh *splash*
- Blending Books અને Red, Green અને Purple Storybooks.

બીજું, તે આ વાંચતા શીખશે:

- Set 2 Speed Sounds: **ay ee igh ow oo oo ar or air ir ou oy**
- આ ધ્વનિઓવાળા શબ્દો
- Pink, Orange અને Yellow Storybooks.

ત્રીજું, તે આ વાંચતા શીખશે:

- Set 3 Speed Sounds: **ea oi a-e i-e o-e u-e aw are ur er ow ai oa ew ire ear ure**
- આ ધ્વનિઓવાળા શબ્દો
- Blue અને Grey Storybooks.

તમારા બાળકને અક્ષરનું નામ નહીં પણ અક્ષરનો ધ્વનિ ઉચ્ચારવાનું શીખવવામાં આવશે, એટલે કે 'm' અક્ષર 'mat' પ્રમાણે, 'em' નહીં; 's' અક્ષર 'sun' પ્રમાણએ, 'es' નહીં.



## *તમારા બાળકનું વાંચન કેવી રીતે સાંભળવું*



- પહેલા તમારું બાળક તમને વાંચી સંભળાવે તે પછી જ તમે તે પુસ્તક વાંચી સંભળાવશો.
- તમારા બાળકને આખી વાર્તા વાંચતા પહેલા ધ્વનિઓ અને શબ્દો વાંચવાનું કહેશો.
- તમારું બાળક વાંચતું હોય ત્યારે જે શબ્દો તે આસાનીથી સહજ રીતે વાંચી ન શકે તેવા શબ્દોના ધ્વનિના ઉચ્ચાર કરવાનું કહેશો. તમારા બાળકને વધુ પડતી જહેમત ઉઠાવવા ન દેશો. તમારું બાળક સફળ થાય ત્યારે તેના અવશ્ય વખાણ કરશો.
- વાર્તા આગળ ચાલે તે માટે દરેક વાક્ય કે પાનું ફરીથી વાંચતા રહેશો. (તમારા બાળકની ઉર્જા શબ્દો વાંચવામાં વપરાઈ જશે, વાર્તા વાંચવામાં નહી.)
- તમારા બાળકને તસવીરો જોઈને શબ્દોનું અનુમાન કરવાનું ના કહેશો.
- બધુ ધીરજ અને પ્રેમથી કરશો!

બાળકોમાં વાર્તાઓ પ્રત્યે ચાહના કેળવવા માટે અમે દરરોજ સ્કૂલમાં વાર્તા-સમય રાખીયે છીયે. અમે આશા રાખીયે છીયે કે તમે પણ આમ જ તમારા બાળકને રોજ સુતી ટાણે વાર્તા વાંચી સંભળાવવાનો સમય રાખશો. અમારી સ્કૂલમાં તમને ઉધાર લઈ જવા માટે અવનવા પુસ્તકો છે.

## 3. તમારા બાળકને *Sound Blending Books* વાંચવામાં મદદ કરો





તમારા બાળકને દરેક શબ્દ ધ્વનિઓમાં (Fred Talk)માં વાંચવાનું કહો અને તે પછી શબ્દ બોલવાનું. પછી, તે પાછળ ફેરવીને પોતે બરાબર છે કે કેમ તે તપાસી શકે.

## 4. તમારા બાળકને *Storybooks* વાંચવામાં મદદ કરો

### Black and White Storybooks


તમારું બાળક *Read Write Inc. Phonics* Storybooks વાંચવાનું શરૂ કરે ત્યારે તે એક બ્લેક એન્ડ વ્હાઈટ Storybook ઘરે લઈ આવવાનું ચાલુ રાખશે. આ તેણે સ્કૂલમાં વાંચેલી હોય તે રંગીન આવૃતિની કોપી છે.




તમારા બાળકે તેના વાંચન શીક્ષકની સાથે આ વાર્તા ત્રણ વખત વાંચી લીધેલ હશે, તેથી તે આ વાર્તા આત્મવિશ્વાસપૂર્વક વાંચી શકવું જોઈએ.

આ પુસ્તકોમાં તેને સંબંધિત પ્રવૃત્તિઓ કેવી રીતે અનુસરવી તેનો સંક્ષિપ્ત ખુલાસો આપેલ છે.

### Book Bag Books




તમારું બાળક એક Book Bag Book પણ કદાચ ઘરે લાવે. તે પુસ્તક તેણે તાજેતરમાં વાંચી હોય તે Storybookમાંના વિચારો (આઈડ્યા) અને ઘણાં શબ્દો આગળ ધપાવે છે. આ પુસ્તક વાંચવામાં તમારા બાળકને વધુ મદદની જરૂર પડશે.

ફરીથી, આ પુસ્તકોમાં પણ તેને સંબંધિત પ્રવૃત્તિઓ કેવી રીતે અનુસરવી તે સમજાવવામાં આવેલ છે.




## 1. તમારા બાળકને *Set 1 Speed Sounds* વાંચવામાં મદદ કરો


શરૂઆત કરતા પહેલા, ધ્વનિઓનું સ્પષ્ટ ઉચ્ચારણ કરવાની પ્રેક્ટિસ કરવા માટે https://www.ruthmiskin.com/en/find-out-more/parents/ વેબસાઈટની મુલાકાત લો. તમે પોતે જેટલી સ્પષ્ટતાથી ધ્વનિઓ ઉચ્ચારશો તેટલું તમારૂં બાળક વધુ જલ્દી શીખશે.


**મહત્વનું:** અમે ધ્વનિઓ શીખવાડતી વખતે *'mmmm'* ઉચ્ચારીયે છીયે 'muh' નહીં 'luh' નહીં *'lllll'*. બાળકો જ્યારે ધ્વનિઓ ભેળવવાનું શીખતા હોય ત્યારે આ ખરેખર તેમને મદદરૂપ થાય છે.

તમારૂં બાળક Set 1 Speed Sounds cards અથવા *My Set 1 Speed Sounds Book* ઘરે લઈ આવશે.
તમે જોશો કે તેમાં દરેક ધ્વનિ એક તસવીરના આકારમાં દોરેલ.
દાખલા તરીકેઃ

- 's' snake (સાંપ)ના આકારમાં
- d' dinosaur (ડાઈનોસોર)ના આકારમાં
- 'a' apple (એપલ-સફરજનના) આકારમાં
- 'm' બે mountains (માઊંટન-પહાડ)ના આકારમાં






## Set 1 speed Sounds cards નો પ્રયોગ

દરેક તસવીરનું નામ કાર્ડની પાછળ લખેલ છે.


1. તમારા બાળકને દરેક કાર્ડની પાછળની તસવીરનું નામ ઉચ્ચારવાનું કહેશો, દા.ત. a-a-a-apple, ssssssnake, અને દરેક વખત ઝડપ વધારતા જાઓ.
2. તમારા બાળકને દરેક તસવીરની પાછળ છુપાયેલ ધ્વનિ ઉચ્ચારવામાં મદદ કરો, દા.ત. 's' snake ની પાછળ 's' છે. જ્યારે તમારૂં બાળક આ ઝડપથી કરી શકે ત્યાં સુધી વારંવાર કરો.
3. તમારા બાળકને અક્ષરની બાજુના ધ્વનિઓ ઉચ્ચારવામાં મદદ કરો અને દરેક વખત ઝડપ વધારતા જાઓ. જો તે ભૂલી જાય, તો ફરીથી તસવીરવાળી બાજુ ફેરવો. જ્યારે તમારૂં બાળક પાછળ ફેરવીને તપાસ્યા વગર ધ્વનિઓ ઉચ્ચારી શકે, ત્યારે ઝડપ વધારો!



ક્લાસમાં Speed Sounds શીખવા વિશે.

## મારી Set 1 Speed Sounds Book નો પ્રયોગ

તમારા બાળકને પુસ્તકના પાના ફેરવવાનું અને બની શકે તેટલી ઝડપથી ધ્વનિઓ ઉચ્ચારવાનું કહો. જો તમારૂં બાળક કોઈક ધ્વનિ ઉચ્ચારતા અચકાય તો ફરી યાદ કરવા માટે પાછળ ધ્વનિ-તસવીર તો છે જ. તમારૂં બાળક તે જ પાના પર ધ્વનિ લખવાની પણ પ્રેક્ટિસ કરી શકે છે.




*My Set 1 Speed Sounds Book.*માં ધ્વનિઓ વાંચવા અને લખવાની પ્રેક્ટિસ કરો.



## 2. તમારા બાળકને શબ્દો વાંચવામાં મદદ કરો.

જ્યારે તમારૂં બાળક આત્મવિશ્વાસપૂર્વક Set 1 Speed Sounds વાંચવા લાગે પછી તે શબ્દો વાંચવાનું શીખી શકે છે. પહેલા, તમારા બાળકને Fred નામના રમકડાના દેડકા સાથે ઓળખાણ કરવામાં આવશે. Fred *માત્ર* શબ્દના ધ્વનિઓ જ ઉચ્ચારી શકે છે અને તેને શબ્દ વાંચવામાં તમારા બાળકની મદદની જરૂર છે. એટલે, જ્યારે તમે તમારા બાળકને Fred Talk કહેતા સાભળશો, તમને ખબર પડી જશે કે તેનો અર્થ શબ્દનો ઉચ્ચાર કરવાનો છે.

તમે તમારા બાળકને નીચેના પગલાઓ થકી મદદ કરી શકો છો:



Fred ધ્વનિઓ ઉચ્ચારે છે અને બાળકો શબ્દ ઓળખી કાઢે છે.

1. તમારૂં બાળક ઝડપથી વાંચી શકે તેવો શબ્દ ત્રણ કાર્ડ વાપરીને બનાવો, દા.ત. c–a–t.

| c | a | t |
|---|---|---|

ધ્વનિઓ તરફ ચીંધીને ઉચ્ચારો, અને તે પછી શબ્દ બોલો. તમારા બાળકને તમારી નકલ કરવાનું કહો.

કાર્ડ એકબીજા સાથે ભળવી દો. તમારા બાળકને ફરીથી શબ્દ બનાવવાનું કહો, અને પછી તેના તરફ ચીંધીને ધ્વનિ ઉચ્ચારવાનું કહો.

વધુ બીજા 3-ધ્વનિવાળા શબ્દો સાથે ફરીથી કરો, કે જેમાં એકથી વધુ અક્ષરથી બનેલા ધ્વનિઓ હોય, દા.ત. ch–a–t, sh–i–p, th–i–s.

2. ત્રણ કાર્ડ મૂકો. આ વખતે, તમારા*બાળકને* ધ્વનિઓ ઉચ્ચારવાનું કહો. જ્યાં સુધી તમારૂં બાળક તમારી મદદ વગર આ કરી શકે ત્યાં સુધી તેને ધ્વનિઓને શબ્દોમાં ભળવવામાં મદદ કરો.
3. આ પ્રક્રિયા ફરી વાર 4-ધ્વનિઓવાળા શબ્દો સાથે કરો, દા.ત. b–l–i–p, f–r–o–g, g–r–i–n, s–t–o–p, j–u–m–p, h–a–n–d, b–l–a–ck.